# પ્રેસનોટ
## ખેલ મહાકુંભ 3.0

સુરતના રમતવીરો દ્વારા ખેલ મહાકુંભ ૨.૦ માં સૌથી વધુ મેડલ અને સૌથી વધુ ગોલ્ડ મેડલ મળી કુલ ૭૫૭ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યમાં "ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન" થવા બદલ ખેલ મહાકુંભ 3.0ના રાજકોટ ખાતેના શુભારંભ સમારોહમાં સુરત શહેરના મેયરશ્રી, સુરત મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરશ્રીએ ટ્રોફી સ્વીકારી માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે મા.ગૃહમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં ખેલ મહાકુંભ 3.0 નો શુભારંભ સમારોહ તા.૦૪/૦૧/૨૦૨૫ શનિવાર ના રોજ સાંજે ૦૫:30 કલાકે, રાજકોટ ખાતે એથ્લેટિક ટ્રેક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે રાખવામાં આવેલ.

ગત વર્ષ ખેલ મહાકુંભ ૨.૦માં રાજ્ય કક્ષાની રમતોના વિજેતા ખેલાડીઓને મેડલ મળેલ, જેમાં૨૭૦-ગોલ્ડ મેડલ, ૨૨૫-સિલ્વર મેડલ અને૨૬૨-બ્રોન્ઝ મેડલ મળી કુલ - ૭૫૭ મેડલ પ્રાપ્ત કરી સુરત મહાનગરપાલિકા સૌથી વધુ ગોલ્ડ મેડલ અને સૌથી વધુ મેડલ જીતનાર પ્રથમ ક્રમાંકની મહાનગરપાલિકા બનેલ છે.મેડલ ટેલીના આધારે રાજ્યના મહાનગરપાલિકા પૈકી સુરત મહાનગરપાલિકાને "ઓવર ઓલ સ્ટેટ ચેમ્પિયન" તરીકે પસંદગી કરવામાં આવેલ છે.ગતવર્ષ ખેલ મહાકુંભ ૨.૦ માં સુરત મહાનગરપાલિકાને "ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન"થવા બદલ મા.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના વરદ્ હસ્તે તથા મા.ગુહમંત્રીશ્રી હર્ષ ભાઈ સંઘવીની ઉપસ્થિતીમા મા.મેયરશ્રી, મા. મ્યુનિસિપલ કમિશનરશ્રી, સુરત શહેરના જિલ્લા રમત ગમત અધિકારી વિગેરેનેખેલ મહાકુંભ 3.0ના શુભારંભ સમારોહમાંટ્રોફીથી સન્માનિત કરવામાંઆવેલ. આઉપરાંત "સ્ટેટ રનર્સઅપ" તરીકે અમદાવાદ મહાનગરપાલિકાઅને "સ્ટેટ સેકન્ડ રનર્સ અપ" તરીકે વડોદરામહાનગરપાલિકાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવેલ. ખેલમહાકુંભ ૨.૦ ની રાજયકક્ષાની શ્રેષ્ઠ 3 શાળા જેમાં પ્રથમ શ્રેષ્ઠ શાળા ગજેરા વિધ્યાભવન સ્કુલ,કતારગામ,સુરત,દ્વિતીય શ્રેષ્ઠ શાળા એસ.આર. હાઇસ્કુલ દેવગઢ બારીયા,દાહોદ અને તૃતીય શ્રેષ્ઠ શાળા નોલેજ હાઇસ્કુલ, નડીયાદને રોકડ-પુરસ્કાર અને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવેલ. ખેલમહાકુંભ ૨.૦ ના રાજયકક્ષાના શ્રેષ્ઠ 3 જિલ્લાઓ જેમાં ઓવરઓલ સ્ટેટ ચેમ્પિયન ખેડા જિલ્લો,રનર્સઅપ દાહોદ જિલ્લો અને સ્ટેટ સેકન્ડ રનર્સ અપ બનાસકાંઠા જિલ્લાને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવેલ. રાજયમાં ખેલકૂદનું વાતાવરણ ઉભું થાય,પ્રતિભાશાળી ખેલાડીઓની ખોજ થાય તેમજ ખેલકૂદના માધ્યમથી સ્વાસ્થય અંગેની જાગૃતિ આવે તેવા ઉદ્દેશ સાથે ગુજરાત તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને હાલના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી ધ્વારા વર્ષ - ૨૦૧૦ માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવેલ. માન.વડાપ્રધાનશ્રીએ આપેલો ખેલ મહાકુંભનો વિચાર આજે વટવૃક્ષ બની ચુકયો છે. વર્ષ-

૨૦૧૦ માં ૧૩ લાખ રમતવીરોની સહભાગીતાથી આરંભ થયેલા આ મહાકુંભમાં આવર્ષેખેલમહાકુંભ૩.૦ માં૭૧.૩૦ લાખથી વધુ રમતવીરો હોંશભેર ભાગ લેવા જઇ રહયા છે. અંડર-૯ કેટેગરથી માંડીને અબોવ-૬૦ કેટેગરી સુધી મળીને વિવિધ ૭ વયજૂથના ખેલાડીઓ વિવિધ ૩૯ રમતોમાં ભાગ લેશે. શ્રેષ્ઠ પદર્શન કરનાર રમતવીરોને રૂ.૧૦ હજારથી શરૂ થઇને રૂ.૫.૦૦ લાખ સુધીના રોકડ પુરસ્કાર આપવામાં આવશે. એમ રાજય સરકાર ધ્વારા કુલ રૂ.૪૫ કરોડના રોકડ પુરસ્કાર તાલુકા,જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને આપવામાં આવશે. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલમહાકુંભનું આયોજન કરવામાં આવ્યુ છે. ખેલ મહાકુંભમાં શારીરિક રીતે પૂર્ણતઃ સક્ષમના હોય,તેવા ખેલાડીઓને અલગ અલગ જૂથોમાં વહેંચી તેઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તક સરકારે પુરી પાડી છે. જિલ્લા અને રાજયકક્ષાએ પ્રથમ,દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. ખેલ મહાકુંભ 3.0 ના રજીસ્ટ્રેશન તા.૦૫/૧૨/૨૦૨૪ થી તા.૨૫/૧૨/૨૦૨૪ સુધી કરવામાં આવેલ. જેમાં સુરત શહેર હદવિસ્તારમાં વિવિધ ૦૭ વય જૂથમાં કુલ ૩૯ રમતોમાં ૧,૮૭,૮૭૦ પુરુષો અને ૧,૩૪,૧૫૭ સ્ત્રીઓ મળી કુલ ૩,૨૨,૦૨૭ રજીસ્ટ્રેશન થયેલ.સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં રમત વિરો ખેલ મહાકુંભ ૩.૦માં પણ સુરતનું નામ ઉજ્વળ કરે તે માટે આશાવંત રહીએ.

જનસંપર્ક વિભાગ સુરત મહાનગરપાલિકા તરફથી સાદર સમાચાર યાદી નં. ૪૩૧

તા.૦૪/૦૧/૨૦૨૫